જૈન ધર્મનો મર્મ સમજાવતુ - પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સદ્‌ઉપદેશનો પ્રચાર-પ્રસાર કરતુ આધ્યાત્મિક માસિકપત્ર

✣ એપ્રીલ ૨૦૧૩
✣ વર્ષ : ૨૭
✣ અંક : ૪
✣ સળંગ અંક : ૩૦૪

# ગુરુપ્રસાદ

✣ આજીવન લવાજમ: રૂા. ૨૦૦/-
✣ વાર્ષિક લવાજમ: રૂા. ૨૫/-
✣ છૂટક નકલ : રૂા.૫/-
✣ પાના: ૩૨ + ૪ = ૩૬

**ભગવાન શ્રી મહાવીરસ્વામી જન્મ જયંતિ**
**તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી પરિવર્તન જયંતિ**
**અને પરમ કૃપાળુ કહાન ગુરુદેવશ્રી જન્મ જયંતી**

**વિશેષાંક**

# સમયસાર-પ્રવચન

**(દિગંબરાચાર્ય શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ પ્રણિત**
**શ્રી સમયસાર શાસ્ત્ર ગાથા ૨૮૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)**

*(ગતાંકથી ચાલુ)*

*** ગાથા ૨૮૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન ***

'આત્મા જ્ઞાની થયો ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો કે- આત્મા પોતે તો શુદ્ધ જ છે- દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે...'

આત્મા જ્ઞાની અર્થાત્ ધર્મી થયો ત્યારે એને સ્વસ્વરૂપને કેવું જાણ્યું? કે પોતે અંદર સ્વરૂપથી શુદ્ધ જ છે, એકાકાર પવિત્ર જ છે. આ જે વિકાર છે એ તો બહાર એની પર્યાયમાં છે, પણ અંદર વસ્તુ તો નિર્વિકાર શુદ્ધ જ છે. દ્રવ્યદૃષ્ટિએ વસ્તુ (-આત્મા) અપરિણમનસ્વરૂપ છે.

દ્રવ્યદૃષ્ટિએ આત્મા અપરિણમનસ્વરૂપ છે એટલે શું? કે વસ્તુ જે ત્રિકાળ છે તે, એક સમયની પરિણમનરૂપ-પલટાવા રૂપ જે દશા એનાથી ભિન્ન છે, જે પરિણમન-રૂપ નથી તે અક્રિય અપરિણમનરૂપ છે. ત્રિકાળ ધ્રુવ વસ્તુમાં પલટના-પલટતી દશા નથી. પરમાત્મ પ્રકાશમાં (ગાથા 68 માં) આવે છે ને કે-

**'ण वि उप्पजइ ण वि मरइ बन्धु ण मोक्खु करेइ'**

અહાહા...! જેને ત્રિકાળી કહીએ તે ભગવાન આત્મા જન્મ-મરણેય કરતો નથી કે બંધ-મોક્ષનેય કરતો નથી. અહા! દ્રવ્ય ત્રિકાળી પર્યાયને કરતું નથી એવું અપરિણમનરૂપ છે. પર્યાય જે પલટતી દશા છે તેમાં વિકાર છે, સંસાર છે ને મોક્ષનો મારગ ને મોક્ષ પણ એ પલટતી દશામાં-પર્યાયમાં છે, દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્યમાં બંધ-મોક્ષ આદિ છે નહિ એવું એ અપરિણમનરૂપ છે.

દ્રવ્ય એટલે વસ્તુ (ચૈતન્યમાત્ર) દ્રવ્ય; તમારા પૈસા-બૈસા તે દ્રવ્ય એમ નહિ; પણ વસ્તુ જે અંદર દેહથી ભિન્ન, પુણ્ય-પાપના વિકારથી ભિન્ન અને એક સમયની બંધ-મોક્ષરૂપ પર્યાયથી ભિન્ન અખંડ એકરૂપ રહેલી છે. તે દ્રવ્ય છે, એ દૃષ્ટિએ એને જુઓ તો તે અપરિણમનરૂપ છે. જેમાં અજ્ઞાન-જ્ઞાનરૂપ કે મિથ્યાત્વ-સમ્યક્ત્વરૂપ પલટના નથી એવો ત્રિકાળ અનાદિ-અનંત શાશ્વત એવો ને એવો એકસદ્દશ ચિન્માત્ર ભાવ રહેલો છે તે દ્રવ્ય (-આત્મા) અપરિણમનસ્વરૂપ છે.

આત્મામાં બે પ્રકારઃ એક ત્રિકાળ ધ્રુવતા ને એક વર્તમાન પલટતી દશા. આ વિચાર પલટે છે ને? એ એની પલટતી દશામાં છે; વસ્તુ જે ધ્રુવ ત્રિકાળ છે એમાં પલટના-બદલવું નથી.

અહા! આ દ્રવ્ય (ત્રિકાળી) જે છે એ પરને કરતું નથી, શરીર-મન-વાણી ઈત્યાદિનેય કરતું નથી અને પોતાની પર્યાયનેય એ કરતું નથી એવું એ અપરિણમન-સ્વભાવી છે.

એને પર્યાયદૃષ્ટિએ અર્થાત્ કર્મના નિમિત્તથી થતી વર્તમાન અવસ્થાની દશાથી જોઈએ તો પર્યાયમાં એ રાગાદિ વિકારરૂપે થાય છે અને મોક્ષમાર્ગરૂપ ધર્મદશારૂપે પણ તે થાય છે. મોક્ષમાર્ગ ને મોક્ષની દશા પણ એની પર્યાયમાં થાય છે. પણ દ્રવ્યદૃષ્ટિએ એ બદલતું નથી એવું અપરિણમન સ્વરૂપ છે.

કોઈને એમ થાય કે હવે આમાં શું શીખવું? આ બે ઘડી સામાયિકને પડિક્કમણ ભણી લીધું એટલે થઈ ગયો ધર્મ, પણ બાપુ! એ તો રાગ છે ને ? ધર્મ તો એનાથી ભિન્ન વીતરાગ છે. ભાઈ! ધર્મ તો મહા અલૌકિક ચીજ છે ને તે શુદ્ધ ત્રિકાળી દ્રવ્યના આશ્રયે પ્રગટ થાય છે.

'**उत्पादव्ययध्रौव्ययुक्तम् सत्**' એમ સૂત્ર છે ને? મતલબ કે એક ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય ને બીજી ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય- એમ આ વીતરાગનું કહેલું સત્ત્વ છે, એમાં નવી નવી અવસ્થા થાય તે ઉત્પાદ-વ્યયરૂપ છે. એને કર્મના નિમિત્તથી વિકાર થાય, ને વળી અવસ્થામાં કર્મનો અભાવ કરીને નિર્વિકારી ધર્મ થાય, એની અવસ્થામાં નિર્દોષ પૂર્ણ કેવળજ્ઞાન ને મોક્ષ થાય. આ બધું ઉત્પાદ-વ્યયરૂપ પલટતી દશામાં થાય છે, પણ ત્રિકાળી ધ્રુવમાં એ કાં નહિ; ધ્રુવ તો ધ્રુવ ત્રિકાળ એકસદ્દશ ચિન્માત્રપણે છે. આવી વાત!

હવે આ વાણિયાને બિચારાને એક તો તત્ત્વની જિજ્ઞાસા નહિ ને સંસારની ઉપાધિ આડે નવરાશ મળે નહિ એટલે એમ ને એમ (પાપમાં) જિંદગી ચાલી જાય. પછી જાય મરીને ઢોરમાં; ઢોરમાં હોં! કેમ કે વાણિયાને માંસ-દારૂનું સેવન તો હોય નહિ એટલે નરકમાં ન જાય, પુણ્યનાંય ઠેકાણાં ન હોય એટલે સ્વર્ગે પણ ન જાય. અને ધર્મ તો એને છે જ નહિ. એટલે મરીને ઢોરમાં જ જાય, તિર્યંચમાં જ જાય. શું થાય? ભાઈ! તત્ત્વદૃષ્ટિ વિના જન્મ-મરણથી છૂટવું મહા દુર્લભ છે.

'આત્મા દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે' એમ ન્યાલભાઈના 'દ્રવ્યદૃષ્ટિ-પ્રકાશ'માં પણ આવે છે. એમાં એવું ખૂબ આવે છે કે- આત્મા બિલકુલ અક્રિય છે, નિષ્ક્રિય છે. દ્રવ્યદૃષ્ટિએ એને અક્રિય કહો કે અપરિણમનસ્વરૂપ કહો- એ એક જ છે. વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ આત્મા તેને શું કોઈએ કરેલો છે? (ના). એનો કોઈ ઈશ્વર કર્તા છે? (ના). તો કહે છે- એ અનાદિઅનંત ધ્રુવ શાશ્વત અકૃત્રિમ દ્રવ્ય છે તેમાં બદલવું નથી, ક્રિયા

નથી. બદલવું છે એ પર્યાયમાં છે, ધ્રુવમાં નહિ. કોઈને થાય કે આ ધ્રુવ શું હશે? ઓલો ધ્રુવનો તારો હશે? અહા! જેમ ધ્રુવના તારાના લક્ષે સમુદ્રમાં વહાણ હાંકે તે સમુદ્ર પાર કરી જાય છે તેમ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યમાત્ર આત્માના લક્ષે પરિણમે તેને સમકિત થાય છે, ધર્મ થાય છે ને તે સંસારસમુદ્રને તરી જાય છે. અહો! આવો વસ્તુનો ધ્રુવસ્વભાવ મહા મહિમાવંત પદાર્થ છે. અહો ધ્રુવ સ્વભાવ!!

અહીં સ્વાધ્યાય મંદિરમાં 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' એમ લખેલું છે ને? તે વાંચીને એક ભાઈ કહેતા હતા- મહારાજ! દ્રવ્ય એટલે પૈસા; અહીં પૈસાવાળા અર્થાત્ પૈસા ઉપર જેમની દૃષ્ટિ છે તે આવે છે તે બધા સમ્યગ્દૃષ્ટિ ને?

ત્યારે કહ્યું- અરે ભાઈ! અહીં પૈસાનું અમારે શું કામ છે? દ્રવ્ય એટલે ત્રિકાળ ધ્રુવ ચૈતન્યસ્વભાવમય જે વસ્તુ છે તે; અને તેની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. જેને ધ્રુવની દૃષ્ટિ છે તે સમ્યગ્દૃષ્ટિ છે. હવે આવું કદી સાંભળ્યું'ય ન હોય અને દયા, દાન આદિમાં પ્રવર્તે, થોડા પૈસા દાનમાં ખર્ચ કરે એટલે માને કે-અમે સમ્યગ્દૃષ્ટિ. હવે ધૂળેય સમ્યગ્દૃષ્ટિ નથી સાંભળને. એ તો બધો રાગ છે ને એમાં ધર્મ માને એ તો મિથ્યાદર્શનનું મહાપાપ છે. સમજાણું કાંઈ...?

પુદ્‌ગલ પરમાણુ પણ દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે. જુઓ, આ દાળ-ભાત ઘઉં-લોટ વગેરે પરમાણુ પહેલાં હતા તે બદલીને અત્યારે લોહીને માંસ રૂપે શરીરમાં છે, હવે પછી એની બળીને રાખ થશે; એ બધા પરમાણું પણે તો કાયમ રહેશે, અને એની અવસ્થા બદલતી રહેશે. પરમાણુ જે ધ્રુવ તે નહિ બદલે. તેમ ભગવાન આત્મા શાશ્વત ધ્રુવ ચૈતન્યસ્વરૂપે છે તે નહિ બદલે, તેની અવસ્થા-દશા બદલશે, કર્મના નિમિત્તે થતા વિકારથી બદલીને શુદ્ધ એક ચૈતન્યસ્વરૂપના આશ્રયે નિર્વિકાર થશે. અહા! આવા વસ્તુના સ્વભાવને જ્ઞાની યથાર્થ જાણે છે.

'માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી., ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.'

અહાહા...! જ્ઞાનીની દૃષ્ટિ ચિન્માત્ર વસ્તુ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય ઉપર જ હોય છે. અંતરમાં એણે શુદ્ધત્વનો સ્વીકાર કર્યો છે તેથી શુદ્ધપણે જ પરિણમે છે, પણ રાગ-દ્વેષાદિપણે પરિણમતો નથી. માટે તે રાગદ્વેષાદિ ભાવોનો કર્તા થતો નથી.

જ્ઞાનીને અસ્થિરતાનો રાગ આવે છે ખરો, પણ તેનો તે કર્તા થતો નથી. તેનો જ્ઞાતા જ રહે છે. રાગ ભિન્ન ચીજ જાણવા લાયક છે ને? તે એનાથી ભિન્ન રહીને માત્ર જાણે જ છે, કરતો નથી. રાગ કરવા યોગ્ય છે એમ ક્યાં છે એને? નથી. તેથી ચારિત્રમોહના ઉદયે જે રાગ તેને આવે છે તેનો તે કર્તા થતો નથી પણ જ્ઞાતા જ રહે છે. આવો વીતરાગનો મારગ બહુ સૂક્ષ્મ છે ભાઈ! જ્ઞાનીને કિંચિત્ રાગ છે, પણ રાગની રુચિભાવના નથી; અને રાગ છે, પણ રાગનું સ્વામિત્વ નથી, એને રાગનું પરિણમન છે પણ તે એનું કરવાલાયક કર્તવ્ય નથી તેથી તે કર્તા થતો નથી માત્ર જ્ઞાતા જ રહે છે. અહો! આવી અદ્‌ભુત અલૌકિક જ્ઞાનીની અંતર-દશા હોય છે.

'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે- એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ

શ્લોક હવે કહે છેઃ-

*** કળશ ૧૭૭ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન ***

**'इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति'** એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી **'तेन सः रागादीनप आत्मनः कुर्यात्'** તેથી તે રાગાદિકને પોતાના કરે છે, **'–अतः कारकः भवति'** તેથી (તેમનો) કર્તા થાય છે.

જોયું? પોતે અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો રસકંદ શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છે- એમ અજ્ઞાની જાણતો નથી. ત્યાં વસ્તુના સ્વભાવ ઉપર એની દૃષ્ટિ-સન્મુખતા નથી. તે બહાર નિમિત્તની ને પુણ્ય-પાપના ભાવોની સન્મુખતામાં પડ્યો છે. તેથી તે રાગાદિકપણે નિરંતર પરિણમતો થકો રાગાદિક ભાવોનો કર્તા થાય છે.

બહારમાં સાધુ થયો હોય, વ્રતાદિ પાળતો હોય, પણ અંતદૃષ્ટિ વિના, સ્વસ્વરૂપના ભાન વિના તે રાગાદિકનો કર્તા થાય છે અર્થાત્ રાગ કરવા લાયક છે એમ માનીને તે રાગાદિકને પોતાના કરે છે. પુણ્યભાવ-દયા, દાન, વ્રત આદિના ભાવ ભલા - ઈષ્ટ છે ને તે મને કરવા યોગ્ય છે એમ માનીને તે રાગનો કર્તા થાય છે.

અહા! જે કોઈ સિદ્ધ થયા છે તેમને સિદ્ધપદની નિર્મળ પર્યાય ક્યાંથી આવી? શું તે અદ્ધરથી આવી છે? ના; અંદર શક્તિ પડી છે તેમાં પૂરણ એકાગ્ર થઈ પરિણમવાથી આવી છે. પણ અજ્ઞાની પોતાના વસ્તુસ્વભાવને જાણતો નથી, તેમાં તે અંતર-એકાગ્ર થતો નથી તેથી તે પર-આશ્રયે પરિણમતો થકો રાગાદિકનો કર્તા થાય છે. લ્યો, આવી વાત છે. સમજાણું કાંઈ...? *(ક્રમશઃ)*

**કહાનગર દેવલાલી મધ્યે પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલીના ઉપકમે**

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુ સમાજ-બૃહદ મુંબઈ અંતર્ગત**

**શ્રી અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન, ઝવેરીબજાર, મુંબઈ દ્વારા આયોજિત**

**ઉષાબેન પ્રભુદાસ કામદાર તરફથી**

**સ્વ. શ્રીમતી બાલુબેન પ્રભુદાસ કામદાર-ખારાનાં સ્મરણાર્થે હસ્તેઃ**

**પ્રભાકરભાઈ પ્રભુદાસ કામદાર (કાયમી સહયોગી)**

**પંદરમી આધ્યાત્મિક બાળ શિક્ષણ શિબિર**

અધ્યાત્મયુગ પ્રવર્તક અનંત ઉપકારી પૂજ્ય કહાન ગુરુદેવશ્રીનાં પરમપુનિત પ્રભાવનાં ઉદયે બુધવાર, તા. ૨૦-૪-૨૦૧૩ થી બુધવાર, તા. ૧-૫-૨૦૧૩ સુધી અહિં દેવલાલીમાં પંદરમી બાળ સંસ્કાર આધ્યાત્મિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે આ શિબિર માં ૮ થી ૧૪ વર્ષ ની ઉંમરનાં બાળકો ભાગ લઈ શકશે. નિયમો તથા પ્રવેશ ફોર્મ મુંબઈ / દેવલાલી કાર્યાલયમાંથી મળશે.

**મહાવીર જયંતિ નિમિત્તે ખાસ...**

# ભગવાન મહાવીર અને તેની જન્મભૂમિ

મૂળ હિન્દી લેખક : **ડૉ. પં. હુકમચંદજી ભારિલ્લ** અનુવાદક : **કાંતિભાઈ મોટાણી**

*(ગતાંકથી ચાલુ)*

ભગવાન મહાવીરના વિહારને કારણે વિશાળ ભારતભૂમિના જે પ્રદેશનું નામ બિહાર પડેલ છે, તે પ્રદેશ આજથી અઢી હજાર વર્ષ પહેલાં રાજનીતિ અને ધર્મક્ષેત્રનું સર્વાધિક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે.

ઘણું જ પ્રાચીન પ્રજાતંત્ર તેની પોતાની પ્રતિષ્ઠાની સાથે ભારતવર્ષની એ ભૂમિ પર પલ્લવિત થયું, પ્રતિષ્ઠિત થયું જે યુગો-યુગો સુધી પોતાની આભા પ્રસારી રહ્યું છે.

આ સંદર્ભમાં બિહારના પ્રથમ મુખ્યમંત્રી (1947) શ્રી કૃષ્ણસિંહના વિચાર જોઈએ.

''જાણી જોઈને પશ્ચિમવાળાએ આપણા પ્રાચીન ઈતિહાસને એવી રીતે રાખેલ છે. જેમાં આપણને ખબર પડે કે આપણે બરાબર નિરંકુશપૂર્વક શાસિત થતા આવ્યા છીએ અને આપણે ત્યાં કોઈ પ્રજાતંત્રની પરંપરા નથી. હવે પશ્ચિમ જોઈ લે અને પોતાનું અજ્ઞાન દૂર કરી લે કે જે સમયે તેમના પૂર્વપુરુષ જંગલોમાં રખડતા હતા, તે સમયે પ્રાચીન ભારતમાં પ્રજાતંત્રવાદ પોતાના પૂરા ગૌરવ સાથે ફુલીફાલી રહ્યું હતું.

આજે એ વાતની બહુ જરૂરત છેકે આપણો ઈતિહાસ ફરીથી લખાય અને ખોટી વાતોને હટાવી દેવાય. આપણે આપણા દેશવાસિયોને એ રીતે શિક્ષિત કરવા છેકે પોતાના દેશનું માથુ ઊંચું કરે, વળી વિદેશોમાં પણ આપણા દેશનું ગૌરવ વધારે''

*(વૈશાલી અભિનંદન ગ્રંથના આધારે)*

''વૈશાલીનું મહત્ત્વ ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોથી ઉલ્લેખનીય છે. અહીં ગણતંત્ર શાસન-પ્રણાલી ઈ.સ. પૂર્વ સાતમી સદીથી ફુલીફાલી રહ્યું હતું જ્યારે વિશ્વના બાકીના ભાગોમાં સભ્યતા અને સંસ્કૃતિએ આંખો પણ ખોલી ન હતી.

વૃજિસંઘની રાજધાની વૈશાલી હતી. તે યુગમાં વૈશાલી પોતાના અપાર વૈભવ, કલા, પ્રેમ અને સૌંદર્યપ્રિયતા માટે જગવિખ્યાત હતી.

રાજધાની વૈશાલી સૈકાઓ સુધી અમિત મહિમા અને ઐશ્વર્યનું કેંદ્ર જ ફક્ત ન હતી, પરંતુ સમસ્ત ભારતમાં ધર્મ સંસ્કૃતિ, ઈતિહાસ અને રાજનીતિના ક્ષેત્રમાં પણ જે વ્યાપક ક્રાન્તિઓ થઈ, તેમાં તેની ભૂમિકા અત્યંત મહત્ત્વની રહી છે.

વૈશાલીને એ સૌભાગ્ય પ્રાપ્ત છે કે એણે ભારત તથા વિશ્વના બે મહાન ધર્મ-પ્રભાવકો મહાવીર વર્ધમાન અને ગૌતમ બુદ્ધની જન્મભૂમિ અને મુખ્ય કર્મભૂમિ રહી છે. મહાવીર વર્ધમાનનો જન્મ વૈશાલીની એકદમ બાજુમાં બાસુકુંડમાં લગભગ ઈ.સ. પૂર્વ 531માં થયો. તેઓ જૈન ધર્મના અંતિમ તેમ જ ચોવાસીમાં તીર્થંકર હતા.''

*(વૈશાલી અભિનંદન ગ્રંથ પાના-398)*

વૈશાલી ગણતંત્રની જનેતા છે. અહીં ગણતંત્રની સ્થાપના તે સમયે થઈ હતી, જે સમયે યુનાનમાં તેની સ્થાપના થવી બાકી હતી. તેથી આપણને એ માનવામાં જરાપણ સંકોચ કે ઢીલાપણું નહીં રાખવું જોઈએ કે વૈશાલી ગણતંત્રની જનની છે. *(વૈશાલી અભિનંદનગ્રંથ પૃષ્ઠ 462)*

વૈશાલીના સંબંધમાં મહાકવિ રામધારીસિં ''દિનકર' લખે છે.

**''વૈશાલી જનકા પ્રતિપાલક, ગણકા આદિ વિધાતા!**
**જિસે ઢૂંઢતા દેશ આજ ઉસ પ્રજાતંત્રકી માતા**
**રુકો એકક્ષણ પથિક! યહાઁ મિટ્ટી કો શીશ નવાઓ**
**રાજ સિદ્ધિયોકી સમાધિ પર ફુલ ચઢાતે જાઓ.''**

ઓલ ઈન્ડિયા રેડિયોની પટના શાખાથી પ્રસારિત જગદીશચંદ્ર માથુર આઈ.સી.એસ.ના એકાંકીનો અંશ પણ વૈશાલીને પ્રજાતંત્રની માતા ઘોષિત કરી રહ્યા છે, જે આ પ્રમાણે છે-

**''વૈશાલી ઈતિહાસ-પૃષ્ઠ પર અંકન અંગારોકા,**
**વૈશાલી અતીત-ગહ્વર મેં ગુંજન તલવારોકા,**
**વૈશાલી! જનકા પ્રતિપાલક, ગણ કા આદિ વિધાતા**
**જિસે ઢૂંઢતા દેશ આજ, ઉસ પ્રજાતંત્રકી માતા.''**

ભારત વર્ષના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદજીના વૈશાલી સંબંધી વિચારો વ્યક્ત કરતા લખે છે કે-

''આપણા ગૌરવમય ભૂતકાળના સંબંધીત જેટલા પણ પ્રમુખ સ્થળ બિહારમાં છે, વૈશાલી નિઃસંદેહ તેમાનું એક છે. આ નગરી લિચ્છિવિયોં અને વૃજ્જિયોના ગણતંત્રની રાજધાની હતી. પ્રાચીનકાળમાં ગણરાજ્ય અથવા પ્રજાતંત્રનું આ સ્થાન પ્રસિદ્ધ કેન્દ્ર હતું. એક સમય હતો જયારે આ ભૂમિમાં કોઈ રાજાનું શાસન ન હતું, જનતાના સાત હજારથી વધારે પ્રતિનિધિ બધો રાજ-કારભાર ચલાવતા હતા અને ન્યાયનું વિધાન એટલું સુંદર હતું કે સ્વયં ભગવાન બુદ્ધે પોતાના મુખથી તેની પ્રશંસા કરી હતી. ખરેખર જ લોકશાસનની બધી ચેતના ત્યાં મૂર્તિરુપથી દેખાતી હતી.

વૈશાલી જે ભગવાન મહાવીરની જન્મભૂમિ હતી અને સદીઓ સુધી તેના મતાવલમ્બિયો તથા અનુયાયીઓની ધાર્મિક અને સાહિત્યિક ગતિવિધિઓનું કેન્દ્ર રહી, આજ જીર્ણ-શીર્ણ અવસ્થામાં આપણી સામે છે.

ભગવાન મહાવીરના જીવનથી એક ઓર તત્ત્વ આપણે ગ્રહણ કરવું જોઈએ, તે છે તેમની સમન્વય દ્રષ્ટિ પોતાના વિચારોને ઉદાર રાખી બીજાને સહાનુભૂતિપૂર્વક તેની દષ્ટિથી સમજવાની ક્ષમતા અને પોતામાં મિલાવવાની શક્તિ જ સમન્વયાત્મક દષ્ટિ ભારતીય ધર્મ તથા દર્શનશાસ્ત્ર માટે બહુ મોટી દેન છે. આ સિદ્ધાંતની ગહરાઈ અને તેના ઉચ્ચ વ્યવહારિક પહલુને આપણે મહાવીરના જીવનથી જ સમજી શકીએ છીએ.''

કહેવામાં આવે છેકે વૈશાલી નામ એ રીતે પડ્યું કે જનસંખ્યાની વૃદ્ધિને કારણે નગરના કોટને કેટલીયે વાર હટાવી વિશાલ કરવામાં આવ્યો. એ વૈશાલી ઘણા મનુષ્યોથી ભરેલી હતી, અન્ન-પાણીથી સંપન્ન અને અત્યંત સમૃદ્ધશાલી હતી.

આ નગરમાં 7777 મહેલો, 7777 કોઠાઓ, 7777 બગીચાઓ અને 7777 પુષ્કરિણિયા હતી. જૈન ગ્રંથો દ્વારા માલુમ પડે છેકે વૈશાલીમાં ક્ષત્રિય, બ્રાહ્મણ અને વણિક અલગ અલગ ઉપનગરોમાં રહેતા હતા.

કાશીવિદ્યાલયના પ્રોફેસર ડો. વાસુદેવશરણ અગ્રવાલ લખે છેકે

''લિચ્છિવયોના 7707 કુળ હતા, દરેક કુળના કુળવૃદ્ધ વા પ્રતિનિધિ રાજાની પદવી ધારણ કરતા હતા. દરેક 'રાજા' વા કુળના પ્રતિનિધિ ક્ષત્રિયને ગણની ઐશ્વર્ય કે પ્રભુસત્તામાં સમાન અધિકાર પ્રાપ્ત હતો.

લિચ્છાવિયોંના વૈશાલીનગરમાં ગણની અંતર્ગત રાજાઓના જેટલા કુળ હતા, તેનો રાજ્યાધિકાર પર અભિષેક કરવા માટે પાણી એક વિશેષ પુષ્પહરિણી અથવા કુંડથી લાવવામાં આવતું હતું, જેને મંગલપુષ્કરિણી કહેતા હતા. ગણની સભામાં તેઓ જ બેસી શકતા હતા, જેઓ વિધિવત મૂર્ધાભિષિક્ત થયા હતા.

દરેક કુલનો વડો વૃદ્ધ યા કુલવૃદ્ધ તેનું પ્રતિનિધિત્વ કરતા હતા કુલવૃદ્ધ પિતાનો અનન્તર તેનો પુત્ર આ પદવીનો અધિકાર બનતો હતો. એ વખતે તેનું મૂર્ધાભિષેક સમસ્ત સમાજની હાજરીમાં સમારોહપૂર્વક કરવામાં આવતું હતું. આજકાલની ભાષામાં આ લોકપ્રથાને 'પાઘડી બાંધવી' કહે છે. સમસ્ત કુલ એકબીજાની તુલનામાં સમાનાધિકાર રાખતા હતા. બધા મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય જન્મ અને કુળ આ બે બાબતોમાં સર્વથા સમાન હતા. કોઈ કોઈપણ રીતે વિશિષ્ટતાનો દાવો કરી શક્યા નહિ. લિચ્છવિ સંઘ યા વૃજિજ જનપદમાં જે ચિરંતન પરંપરાઓ પોષિત થઈ હતી, તે અનુસાર જાતીય સ્વાભિમાન સમત્વભાવ, વૈયક્તિક ગરિમા અને સ્વાતંત્ર્ય ભાવનાઓની પ્રધાનતા હતી તે એવા બૌદ્ધ સાહિત્યથી જણાય છે. કહેવાય છે કે અહીંનો ક્ષત્રિયકુમાર એક સરખા રથો પર એક સમાન વેશ ધારણ કરી એક સરખા અનુભાવથી નિકળતા હતા.

ત્રણ વાતો વિશેષરૂપથી પ્રગટ થઈ (1) આર્થિક સમૃદ્ધિ (2) નૈતિક ગુણોનો વિકાસ અને ત્રીજું પ્રજ્ઞા કે બુદ્ધિના આકસ્મિક સ્ફોટ દ્વારા સાહિત્ય અને જ્ઞાનનો ચરમ ઉત્કર્ષ.''

*(વૈશાલી અભિનંદનગ્રંથ પાના 113)*

ગણોની સર્વોપરિ શાસન-સભા યા પાર્લામેન્ટને સંસ્થા કહેવામાં આવતી હતી અને જ્યાં સંસ્થાની બેઠક થતી હતી તેને સંસ્થાગાર કહેવાતી. વૈશાલીની અંદર સંસ્થાગારની એક મોટી શાળા હતી, જેમાં ગણતંત્રના સભ્યો ભેગા થઈ રાજકાજ અને વિધાનની ચર્ચા કરી નિર્ણય લેતા હતા. સંસ્થાગારની બેઠકોમાં શાસકીય કાર્યની સમાપ્તી પછી લોકો બીજી સામાજિક આદિ ચર્ચાઓમાં ભાગ લેતા હતા. સંસ્થાગારમાં ક્યારેક-ક્યારેક મહેમાનને પણ રાખવામાં આવતા હતા.

*(વૈશાલી અભિનંદન ગ્રંથ પાના 43)*

વૈશાલીનું પ્રજાતંત્ર અને ન્યાયવ્યવસ્થાના સંબંધમાં ડો. કૈલાશનાથ કાત્જુ ભૂતપૂર્વ ગૃહમંત્રી ભારત સરકાર (1954) લખે છે કે-

''પ્રાચીન વૈશાલીમં એક અદ્ભુત સામાજિક-રાજનીતિક પ્રણાલીનો વિકાસ થયો હતો, જેમાં જનતાના 7707 પ્રતિનિધિ શાસન કરતા હતા. ગૌતમબુદ્ધે પોતાના સંઘની શાસનપ્રણાલી લિચ્છિવિયો, મંત્રો અને શાસ્ત્રોની રાજનીતિક પદ્ધતિથી જ લીધી હતી. એ દ્રશ્યનો અંદાજ કરો જયારે આ ભૂમિ પર જનતાના પ્રતિનિધિ સાથે બેસીને શાસનસંબંધી નિર્ણય કરતા હતા, જયારે બીજી જગ્યાએ રાજતંત્રની બોલબાલા હતા.

લિચ્છિવિયોની ન્યાય પ્રણાલી ખાસ તોરથી સમજવા જેવી છે. જ્યાં સુધી ગુનો સાબિત ન થાય ત્યાં સુધી લોકોને સજા થઈ શક્તિ ન હતી. તેના માટે તેઓને કેટલીક અવસ્થાઓમાંથી ગુજરવું પડતું હતું. અંતમાં જ્યારે અપરાધ સાબિત થઈ જાય અને અપીલ માટે કોઈ ઉપરની સત્તા પણ સંમંત થાય ત્યારે દંડવિધાન જોઈ સજા આપવામાં આવતી હતી.

આ જાતની ન્યાયપ્રણાલી આપણે પણ અપનાવી શકીએ. હા, એ બીજી વાત છેકે સમયના બદલાવા સાથે તેમાં યોગ્ય પરિવર્તન કરવું પડે.''

*(વૈશાલી અભિનંદન ગ્રંથ પાના 96)*

વૈશાલીના સંબંધમાં બિહારના રાજ્યપાલ (1956) શ્રી રંગનાથ રામચંદ્ર દિવાકર લખે છેકે-

''આજથી લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે, આ પવિત્ર ભૂમિ પર, જ્યાં અત્યારે આપણે ભેગા થયા છીએ. ક્યારેક એ મહાપુરુષનો આવિર્ભાવ થયો હતો, જેણે ફક્ત માનવ સમાજમાં જ નહિ, બલ્કે સૃષ્ટિના સમસ્ત જીવોમાં શાંતિ, સમતા, સહૃદયતા અને સહ-અસ્તિત્વની સ્થાપના માટે પોતાના સમસ્ત રાજવી સુખોને લાત મારી સન્યાસ લીધો હતો. કલ્પના કરો, એ સમયે જ્યારે 30 વર્ષના રાજકુમાર લોકકલ્યાણની મંગળ-કામનાથી પ્રેરાઈ દિક્ષા ગ્રહણ કરવાની અનુમતિ દેવા માટે આગ્રહ કરતા હશે અને જરા એ સ્થિતિ પર પણ વિચાર કરો જ્યારે દિવસના ત્રીજા પહોરે, અહીંના જ્ઞાતૃખંડ વનમાં, એ વખતે, જ્યારે સમસ્ત વૈશાલીના નગરવાસી, બાળ વૃદ્ધ, યુવા, સ્ત્રી પુરુષ બધા જ હાજર હશે ત્યારે દિક્ષા ધારણ કરી હશે.

આત્મોત્સર્ગનો આ મહાન આદર્શ નિરુપિત કરવાવાળા, મહાપુરુષ જે માટીમાં પેદા થયા હોય, સાચ્ચે જ તે ધરતી ધન્ય છે અને ધન્ય છે ત્યાં રહેવાવાળા લોક.

વૈશાલી, આ નામમાં જ જાદૂઈ અસર છે. આ સ્થાન મુજફ્ફ્પુરથી લગભગ ત્રેવીસ માઈલ દૂર છે. છઠી શતાબ્દિ ઈ.પૂર્વે જ આ વજ્જિયોની ગણતંત્ર-પ્રણાલીની ઘણીબધી વાતોને આબેહુવ સ્વીકાર કરી લીધો હતો.

*(વૈશાલી અભિનંદન ગ્રંથ પાના 116)*

વૈશાલી અને ભગવાન મહાવીરના સંબંધમાં ષટખંડાગમનું સંપાદન કરવાવાળા પ્રાકૃતભાષા અને જૈનદર્શનના પ્રકાણ્ડ વિદ્વાન ડો. હિરાલાલ જૈન લખે છે-

''ત્યાં તે સમયે એક વૈભવશાળી રાજધાની હતી અને તેનું જ નામ વૈશાલી હતું. વૈશાલીનો એક ભાગ કુંડપુર વા ક્ષત્રિયકુંડ કહેવાતો હતો, જ્યાં એક રાજભવનમાં રાજા સિદ્ધાર્થ તેમની રાણી ત્રિશલાની સાથે ધર્મ અને ન્યાયપૂર્વક શાસન કરતા થકા સુખે રહેતા હતા. રાણી ત્રિશલાની કુખે એક બાળકનો જન્મ થયો અને રાજકુમારને અનુરૂપ તેનું પાલન-પોષણ અને શિક્ષણ થયું. એજ રાજકુમારને ઉત્તરોત્તર વધતી જતી બુદ્ધિ અને પ્રતિભા તથા ઉન્નતશીલ શરીરને જોઈને તેનું નામ વર્ધમાન મહાવીર રાખવામાં આવ્યું.

કુદરતી જ એવી આશા રાખવામાં આવતી હતી કે રાજકુમાર મહાવીર પણ યોગ્ય સમયે રાજ્યની વિભૂતિનું સુખ ભોગવશે, પરંતુ એમ ન થયું. લગભગ ત્રીસ વર્ષની યુવાન વયે તેમને

રાજમહેલના જીવનથી વિરક્તિ થઈ ગઈ અને પોતે આત્મકલ્યાણ તથા લોક ઉપકારની ભાવનાથી પ્રેરિત થઈ રાજધાની છોડીને વનમાં ચાલ્યા ગયા.

તેઓએ ભોગ-ઉપભોગ અને સાજ-સજાવટની સમસ્ત સામગ્રીનો પરિત્યાગ તો કર્યો જ હતો, પણ લેશમાત્ર પણ પરિગ્રહ રાખવો તે તેમની શાંતિ અને આત્મશુદ્ધિને બાધક સમજતા હતા. તેથી તેમણે વસ્ત્રનો પણ પરિત્યાગ કર્યો અને તેઓ 'નિર્ગ્રંથ' યા 'અચેલે' થઈ ગયા. આ રીતે બાર વર્ષ સુધી તપસ્યા કર્યા પછી તેમને સાચું, શુદ્ધ અને સંપૂર્ણ જ્ઞાન પ્રગટ થયું જેના કારણે તેઓ 'સર્વજ્ઞ' અને 'કેવળી' કહેવાયા.

તે સમયે મગધ દેશની રાજધાની રાજગૃહ (રાજગીરી) હતી અને ત્યાં સમ્રાટ શ્રેણીક બિંબિંસાર રાજ્ય કરતા હતા. ભગવાન મહાવીર વિહાર કરતા કરતા રાજગૃહ પહોંચ્યા અને વિપુલાચલ નામની પહાડી પર તેમનું સર્વપ્રથમ પ્રવચન થયું. તેમના ઉપદેશને હજારો માણસોએ ખૂબ રસથી સાંભળ્યા અને ગ્રહણ કર્યા. પછી લગભગ ત્રીસ વર્ષ સુધી ભગવાન મહાવીર દેશના જુદા જુદા ભાગોમાં વિહાર કરતા રહ્યા તેથી તે પ્રદેશનું નામ બિહાર પ્રસિદ્ધ થયું.

*(વૈશાલી અભિનંદન ગ્રંથ પાના ૭૭)*

વિહાર કરતાં કરતાં ભગવાન મહાવીર પાવાપુરી પહોંચ્યા અને ત્યાં લગભગ બોતેર વરસની અવસ્થામાં તેમનો નિર્વાણ થઈ ગયો.

ઉપરના બધા ઐતિહાસિક પ્રમાણોના આધારે આ વાત છાતી ઠોકીને કહી શકાય કે તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મ વાસુકુંડ યા કુંડપુર વૈશાલીમાં જ થયો હતો. આ વાસુકુંડને યા કુંડપુરને ક્ષત્રિયકુંડ પણ કહેવામાં આવે છે. આ ક્ષત્રિયકુંડ પણ કોઈ નાની-સુની જગા ન હતી. આને પણ આજે આપણે કુંડલપુર કહેવા લાગ્યા છીએ.

આ વિશાલ વૈશાલી ગણરાજ્યના અધ્યક્ષ ભગવાન મહાવીરના નાના મહારાજા ચેટક હતા અને ક્ષત્રિયકુંડના રાજા સિદ્ધાર્થ તીર્થંકર મહાવીરના પિતા હતા. તીર્થંકર મહાવીરની માતા પ્રિયકારિણી ત્રિશલા મહારાજા ચેટકની સૌથી મોટી પુત્રી હતી.

આજે આપણે તેમના જીવન કે સિદ્ધાંતોની ચર્ચા કરવી નથી. આજે તો તેમની જન્મભૂમિના બારામાં ચર્ચા કરવા ઈચ્છીએ છીએ.

જેમનું શાસન અત્યારે ચાલી રહ્યું છે, તે તીર્થંકર ભગવાન મહાવીરની મૂળ જન્મભૂમિ વૈશાલીને આજે આપણે ભૂલી ગયા છીએ.

આપણી આ ઉપેક્ષા પર અત્યંત ખેદ વ્યક્ત કરતા પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન લખે છેકે-

''આ ઓછા આશ્ચર્યની વાત નથી કે જૈનો પોતાના તીર્થંકરની જન્મભૂમિનું નામ સુદ્ધાં ભૂલી ગયા છે. આમ કેમ થયું? તેના માટે બે-ચાર શતાબ્દિઓ એવી હશે કે જયારે વજજીભૂમિ અને વૈશાલી સાથે જૈનોનો કોઈ સંપર્ક રહ્યો નહિ હોય! અસ્તુ.''

*(વૈશાલી અભિનંદન ગ્રંથ પાના-48)*

આ રીતે આપણે મહાવીરની જન્મભૂમિના નામે નવો તીર્થ વિકસાવ્યા. ભગવાન મહાવીરની અસલી જન્મભૂમિની કોઈએ કંઈ તપાસ ન કરી. આજે જયારે દેશી-વિદેશી અનેક અજૈન વિદ્વાનોએ

એ સિદ્ધ કરી આપ્યું કે ભગવાન મહાવીરની અસલી જન્મભૂમિ વૈશાલી છે, વૈશાલી જનપદની અંતર્ગત વૈશાલીની અત્યંત નજીક ક્ષેત્ર વાસુકુન્ડ વા કુંડગ્રામ છે; તો પણ આપણા કેટલાક સાથીઓ, સાધર્મી ભાઈઓ તે સત્યને નકારવાના અસફળ પ્રયત્ન કરે છે. આજે આપણે તે લોકોમાં સામિલ થઈ ગયા છીએ કે જેઓ પોતે તો જાણતા નથી, અને જેઓ જાણતા નથી તેઓનું જ માને છે.

વૈશાલી ક્ષેત્રના વિધાયક રહેલા નાગેન્દ્રપ્રસાદસિંહ લખે છે કે સન ઈ.સ. 1943 સુધી વૈશાલીના નામની લોકોને ખબર ન હતી. લોકો તેને બસાઢ અથવા બનિયા-બસાઢના નામથી જાણતા હતા. વિદ્વાનો અથવા વધારે ભણેલા-ગણેલા લોકોને તેની મહત્તાની ખબર હતી. પરંતુ સામાન્ય જનતા આનાથી તદ્દન અજાણ હતી. તેમની દષ્ટિમાં અશોકનો સ્તંભ તે ભીમસેનની લાકડી બની ગયો હતો અને તેની પશ્ચિમમાં બાજુબાજુમાં રહેલા બન્ને સ્તૂપ 'ભીમસેનનો ભાર' કે 'ભીમસેનના પલ્લા' બની રહી ગયા હતાં. આખો ઈલાકા ઉપેક્ષિત હતો અને બીજા ગામો કે ઈલાકો જેવા વીરાન, નિસ્પંદ અને નિષ્ક્રિય હતા.

સન 1942ની 'ભારત છોડો' આંદોલનને બ્રિટિશ સામ્રાજ્યવાદિઓએ કચડી નાખ્યું હતું અને તે દમનચક્ર ચાલુ રહેતા તેના કારણે સર્વત્ર ઉદાસી છવાઈ ગઈ હતી.

સન 1944ના ઉત્તરાર્ધમાં શ્રી જગદીશચંદ્ર માથુર આઈ.સી.એસ. હાજીપુરાના એસ.ડી.ઓ. (સબ ડીવીઝનલ ઓફિસર) થઈને આવ્યા. તેઓ વૈશાલીના ગૌરવથી પરિચિત હતા, પરંતુ તે ઈલાકાની દુરદશા જોઈને ઘોર નિરાશ થઈ ગયા. તેમણે આ સંબંધી કંઈક કરવાનો નિશ્ચિય કર્યો, જેના કારણે વાર્ષિક વૈશાલી-મહોત્સવ અને વૈશાલી-સંગઠન બનાવવામાં આવ્યું. ત્યાર પછી આ જ સંસ્થાઓ દ્વારા વૈશાલીનો વિકાસ થવા લાગ્યો. *(વૈશાલી અભિનંદનગ્રંથ પાના 469)*

આ મહોત્સવ આજે પણ થાય છે, જે વૈશાલીની દિવ્ય વિભૂતિ ચોવીસીમાં તીર્થંકર ભગવાન મહાવીરના જન્મદિવસે (ચૈત્ર સુદ 13) મનાવવામાં આવે છે. પ્રાતઃકાલમાં જૈન મંદિરમાં ભગવાનની પૂજા થાય છે. ત્યાર પછી વાસુકુન્ડ સ્થિત પ્રાકૃત વિદ્યાપીઠમાં તેની જનરલ સભાની વાર્ષિક બેઠક થાય છે, જેની અધ્યક્ષતા બિહારના રાજ્યપાલ કરે છે. તે સભામાં જ તત્ત્વાધાન પર વિદ્વત ગોષ્ઠી થાય છે.

પુરાતત્ત્વ સંબંધી શોધખોળ ચાલુ છે. એક સ્થાનીય પુરાતત્ત્વ સંગ્રહાલયની સ્થાપના થઈ છે. જૈન સમુદાય દ્વારા વૈશાલીને ભગવાન મહાવીરની જન્મસ્થળીની માન્યતા પ્રાપ્ત થઈ ગઈ છે. પ્રાકૃત અને જૈન સંસ્કૃતિના અધ્યયન માટે એક પ્રતિષ્ટાન સ્થાપવામાં આવેલ છે, સ્થાનીય જનતા માટે વિદ્યાલય વિ. ની પણ સ્થાપના થઈ છે.

*(વૈશાલી અભિનંદન ગ્રંથ
નાગેન્દ્રપ્રસાદ સિંહ પાના 470)*

વૈશાલીના લોકમાનસ પર આજે પણ તીર્થંકર ભગવાન મહાવીરની ગંધ વિદ્યમાન છે.

ભૂલાઈ ગયેલી પૂજાતંત્રની માતા વૈશાલીની યાદ આપણને આજે આઝાદ ભારતમાં આવી, અને તે પણ આપણને જૈનેતર મનીષિયોએ જગાડ્યા ત્યારે.

છેલ્લા ઘણા વર્ષોથી મહાવીર જયંતિના અવસર પર વૈશાલીમાં સરકારના સહયોગથી વિશાલ સ્તર પર વૈશાલી મહોત્સવ મનાવવામાં આવે છે. તે વખતે અનેક પ્રભાવશાળી નેતાગણ પણ આવે છે અને દેશ અને સમાજને જાગૃત કરતા રહે છે.

શાહુ શાંતિપ્રસાદજીએ ત્યાં પ્રાકૃત વિદ્યાપીઠની સ્થાપના પણ કરી છે, શોધ સંસ્થાન પણ શરૂ કરેલ છે, છતાં પણ આપણી ઊંઘ હજી સુધી ઊડતી નથી.

સમાજનો જેવો સહકાર જોઈએ તેવો હજુ સુધી મળ્યો નથી. એક વિશાલ જિનમંદિર પણ નથી બની શક્યું અને આપણી જાત્રામાં આ સ્થળનું નામ પણ હોતું નથી.

આચાર્ય શ્રી વિદ્યાનંદજીના પ્રયાસથી આ બાબતમાં થોડા પ્રયાસ શરૂ થયા છે, મંદિરનું નિર્માણ શરૂ થયું છે પણ સમાજનો જોઈએ એવો ટેકો મળ્યો નથી.

મુમુક્ષુ સમાજ પણ નિષ્ક્રિય છે. જોકે મુમુક્ષુ સમાજ, જૈન સમાજ ખાસ કરીને દિગંબર જૈન સમાજના દરેક સામાજિક કાર્યમાં હંમેશા શામિલ રહ્યો છે, સક્રિય સહયોગ આપતો રહ્યો છે, તોપણ જેવી જોઈએ તેવી અપેક્ષિત ભાગીદારી જણાતી નથી. સંપૂર્ણ જૈન સમાજ સાથે તેમણે સક્રિય થવાની જરૂર છે.

વિશેષ ધ્યાન આપવા જેવી વાત એ છેકે આપણે જ્યારે યાત્રા પર નીકળીએ ત્યારેઆ સ્થળને જરૂર શામિલ કરવું જોઈએ. કેમ કે જ્યાં સુધી આપણે એ પરમ પાવન ભૂમિનો સ્પર્શ નહીં કરીએ, તેનું અવલોકન નહીં કરીએ, યાત્રીઓને બધી સગવડતા નહીં કરી દઈએ, પર્યટન સ્થળ જેવું નહીં બનાવીએ તો તેનો વિકાસ કેવી રીતે થશે. તેમના પ્રત્યે આપણું કર્તવ્ય કઈ રીતે પૂરું કરીશું? ભગવાન મહાવીર પ્રત્યે આપણી શ્રદ્ધા કેવી રીતે સમર્પણ કરીશું?

વર્તમાનમાં સક્રિય વ્યવસ્થા સમિતિ તરફથી હું સમસ્ત મુમુક્ષ સમાજને વિશ્વાસ દિલાવું છું કે વૈશાલીમાં બધું જ કામ તેરાપંથ વિધિ અનુસાર સંપન્ન થશે, પંચકલ્યાણક મહોત્સવ પણ તેરાપંથ આમન્યા પ્રમાણે થશે.

આ આશ્વાસન હું ત્યાંની સમિતિના આગેવાન લોકો પાસેથી મેળવેલ જાણકારીના આધારે આપી રહ્યો છું. હું પોતે એ પંચકલ્યાણક વખતે સક્રિયરૂપથી હાજર રહીશ. સમસ્ત મુમુક્ષુ સમાજ પણ તન-મન-ધનથી સહયોગ કરે. આપણે આપણા કર્તવ્યનું પાલન અવશ્ય કરીશું એ મંગળ ભાવનાથી અત્યારે વિરામ લઉં છું.

સિદ્ધાંત તો એમ કે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે. *- પૂજ્ય ગુરુદેવશ્રી*